# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યમાં આજથી ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થશે.**
2. **ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , વર્ષ 2001થી રાજ્યમાં ઉર્જા ઉત્પાદન 10 ગણુ વધ્યું.**
3. **ઐતિહાસિક નગર અમદાવાદના સ્થાપના દિવસે આજે નગરદેવી મા ભદ્રકાળી નગરચર્યાએ નીકળશે.**
4. **દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં આજે કમોસમી વરસાદની આગાહી.**
5. **ICC પુરુષ T-20 ક્રિકેટ વિશ્વ કપમાં , આજે ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે મુકાબલો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# BOARD EXAM

રાજ્યમાં આજથી ધોરણ-10 અને ધોરણ-12ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થશે. કુલ 16 લાખ 63 હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. વધુ માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું , ધોરણ-10ના 9 લાખ 7 હજારથી વધુ, ધોરણ-12 સામાન્ય પ્રવાહના 5 લાખ એક હજારથી વધુ , ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના એક લાખ 19 હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

આજથી શરૂ થતી બોર્ડની પરીક્ષામાં કચ્છ જિલ્લાના 45 હજાર વિદ્યાર્થી પણ પરીક્ષા આપશે. ત્યારે જિલ્લા કલેકટર આનંદ પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

## બાઇટ : આનંદ પટેલ, કલેક્ટર

વિદ્યાર્થીઓને પરીક્ષા સ્થળે પહોંચવામાં કોઈ અગવડ ન પડે તે માટે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા પીએમ ઈ બસ સેવા યોજના અંતર્ગત શહેરમાં દોડતી તમામ ઇલેક્ટ્રિક બસોમાં વિદ્યાર્થીઓ માટે નિશુલ્ક મુસાફરીની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

---

# RUSHIKESH ENERGY

ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું , વર્ષ 2001થી રાજ્યમાં ઉર્જા ઉત્પાદનમાં 10 ગણુ વધ્યું છે. ગાંધીનગર ખાતે યોજાયેલા ધ સ્માર્ટર ઈ ઈન્ડિયા **2026** કાર્યક્રમ

દરમિયાન શ્રી પટેલે જણાવ્યું , પવન, સૌર સહિતની હરિત પહેલામાં પણ રાજ્ય અગ્રેસર છે.

તાજેતરમાં, ગુજરાત સરકારે ત્રણ નવી નીતિઓ લાગુ કરી છે, જેનો ફાયદો ઉદ્યોગો, વાણિજ્યિક અને રહેણાંક ગ્રાહકોને થઈ રહ્યો છે.

## બાઇટ - ઋષિકેશ પટેલ (ઊર્જા મંત્રી)

---

## RBI - WORKSHOP

ભારતીય રિઝર્વ બેંક -RBI દ્વારા અમદાવાદમાં રાજ્યની શહેરી સહકારી બેંકો માટે સાયબર છેતરપિંડી સામે જાગૃતિ કેળવવા એક કાર્યશાળા યોજાઇ. જેમાં RBI ના ક્ષેત્રિય નિદેશકે તાજેતરમાં વધી રહેલા "ડિજિટલ ધરપકડ" ના બનાવો પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે લાખો લોકોના નાણાકીય કલ્યાણની રક્ષા કરવામાં શહેરી સહકારી બેંકોની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. આ કાર્યશાળામાં 100થી વધુ શહેરી સહકારી બેંકોના પ્રતિનિધિઓએ સાયબર છેતરપિંડીને પ્રતિબંધિત કરવાના માર્ગો અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

---

## AMD BHADRAKALI SHOBHAYATRA

ઐતિહાસિક નગર અમદાવાદ શહેરનો આજે સ્થાપના દિવસ છે. ત્યારે આજે નગરદેવી મા ભદ્રકાળી નગરચર્યાએ નીકળશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આ નગરયાત્રાનું પ્રસ્થાન કરાવશે.

ભદ્રકાળી મંદિરના ટ્રસ્ટિ શશિકાંત તિવારીએ કહ્યું , સિસમના લાકડામાંથી બનાવાયેલી માતાજીની પાલખી નીજ મંદિરથી પ્રસ્થાન કરીને ત્રણ દરવાજા , માણેકનાથ બાબાના મંદિર , ગાંધી રોડ , ખાડિયા ચાર રસ્તા , રાયપુર ચકલા, ચકલેશ્વર મહાદેવ, જમાલપુર જગન્નાથજી મંદિર સહિતના વિસ્તારમાંથી પસાર થશે.

વધુ જાણીએ અમારા પ્રતિનિધિ પાસેથી.

## વોઇસ કાસ્ટ : આશિષ પંચાલ

---

## GANDHINAGAR HEAVY VEHICLE

ગાંધીનગરમાં ભારે વાહનો પર પ્રતિબંધ મૂકવા ધારાસભ્ય રીટાબેન પટેલે જિલ્લા પોલીસ વડા રવિતેજા વાસમ શેટ્ટીને રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે શહેરમાં ભારે વાહનોને સતત અવરજવરના કારણે ટ્રાફિક વ્યવસ્થા અસરગ્રસ્ત થઈ છે. ઉપરાંત અકસ્માતોની ઘટનાઓ પણ વધી રહી હોવાનું જણાવ્યું છે.

## બાઇટ : રીટાબેન પટેલ, ધારાસભ્ય

---

## JUNAGADH - INTELLECTUAL PROPERTY AND AGRICULTURE

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે અક્ષય ઉર્જા અને ઇજનેરી વિભાગ દ્વારા “બૌદ્ધિક સંપત્તિ અધિકારો અને કૃષિ પેટન્ટ ” વિષય પર બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો.જેમાં ખેતી અને બૌદ્ધિક સંપત્તિ અધિકારો અંગે ચર્ચા કરવામાં આવી.

આ કાર્યક્રમમાં વિવિધ રાજ્યોના વૈજ્ઞાનિકોએ ભાગ લઈ કૃષિ ક્ષેત્રે આધુનિક તકનીકોને પેટન્ટ દ્વારા કઈ રીતે સુરક્ષિત કરી શકાય તે અંગે તજજ્ઞો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું.

---

## DANG DARBAR

ડાંગ જિલ્લાના આહવા ખાતે ભાતિગળ લોકમેળો 'ડાંગ દરબાર'નો આજથી પ્રારંભ થશે. આજે ઉદ્દઘાટન કાર્યક્રમ સાથે રાજવીશ્રીઓની ભવ્ય શોભાયાત્રા સહિત આહવાના રંગ ઉપવન ખાતે પ્રભારી મંત્રી સહિતના મહાનુભાવો પ્રજાજોગ સંદેશો પાઠવશે.

આ અવસરે ડાંગીનૃત્ય સહિત રાસ ગરબા જેવી સાંસ્કૃતિક કૃતિઓ પણ રંગમંચ પર રજૂ થશે. પ્રજાજનો આ 'ડાંગ દરબાર'ના ભાતિગળ લોકમેળાનો આનંદ ત્રીજી માર્ચ સુધી માણી શકશે.

---

## WEATHER

સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં આજે કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અમરેલી, ભાવનગર અરવલ્લી, સાબરકાંઠા, નર્મદા, તાપી અને ડાંગ જિલ્લામાં માવઠાની શક્યતા છે.

હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ.કે. દાસે જણાવ્યું, વરસાદની આગાહી વચ્ચે રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો પણ

ઊંચકાયો છે. રાજકોટમાં મહત્તમ તાપમાન 37.7 ડિગ્રી નોંધાયું છે, જે સામાન્ય તાપમાન કરતા 5 ડિગ્રી જેટલું વધારે છે.

**બાઇટ : ડૉ. એ.કે.દાસ, નિયામક**

---

## CRICKET T20 WORLD CUP

ICC પુરુષ T-20 ક્રિકેટ વિશ્વ કપમાં , ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે સુપર 8 મુકાબલામાં આજે ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે મેચ રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. અન્ય એક મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાશે. આ મેચ બપોરે 3 વાગ્યે શરૂ થશે.

---

## GIRSOMNATH SWIMMING

ગીર સોમનાથમાં યોજાયેલી 35મી વીર સાવરકર તરણ સ્પર્ધામાં ભાઈઓની શ્રેણીમાં 5 કલાક 30 મિનિટ અને 7 સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરી પશ્ચિમ બંગાળના પ્રત્યાય ભટ્ટાચાર્યએ પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. જયારે રાજ્યના યુગ સેલર બીજા અને ધ્રુવ ટાંક ત્રીજા સ્થાને રહ્યા હતા.

બહેનોની શ્રેણીમાં સુરતની તાશા મોદીએ 4 કલાક 10 મિનિટ અને 55 સેકેન્ડમાં સ્પર્ધા પૂરી કરી પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. જયારે મહારાષ્ટ્રની અનુજા ઉગ્લે બીજા અને કર્ણાટકની પી.વેનયશ્રી ત્રીજા સ્થાને રહ્યાં હતા.

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે યોજાયેલા સમારોહમાં રાજ્ય સરકાર તરફથી વિજેતાઓને રોકડ પુરસ્કારને ચંદ્રકો આપી સન્માનિત કરાયાં હતાં.

ભાઈઓની સ્પર્ધા ચોરવાડથી વેરાવળ સુધી 21 નોટિકલ માઈલની જ્યારે બહેનોની સ્પર્ધા આદ્રીથી વેરાવળ સુધી 16 નોટિકલ માઈલની યોજાઈ હતી.

---

## SPINE SURGERY - CIVIL

સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે 'ઈન્ડો-અમેરિકન સ્પાઇન સર્જરી કેમ્પ ' અંતર્ગત કરોડરજ્જુની અત્યંત જટિલ વિકૃતિ ધરાવતા 7 બાળકોનું સફળ નિદાન કરાયું. વાંકી વળેલી કરોડરજ્જુ ધરાવતા આ બાળકોને હવે નવું જીવન મળ્યું છે.

---